ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૧૦-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સબ સેફ્રોન હો જાયેગા?

ધનતેરસના સપરમા દિવસે દશ આખો શુકનવંતી ખરીદી અને શુભમુહૂર્તમાં વિવિધ પ્રકાર ઉપક્રમોમાં ઉદ્ઘાટનો તથા લક્ષ્મીપૂજનમાં વ્યસ્ત છે ત્યારે વિક્રમના નવા સંવત્સરમાં કોંગ્રેસ એના દિનપ્રતિદિન ઘટતા જતા પ્રભાવથી ચિંતિત હોય તે સ્વાભાવિક છે. છેલ્લી ચૂંટણી પછી પંજાબ કેસરી રણજિતસિંહની પેલી ઐતિહાસિક ભવિષ્યવાણી યાદ આવ્યા વગર નહીં જ રહે. ભીંત પાછળ ભાળનારા એ વિચક્ષણ રાજવીએ અંગ્રેજો સામે જીવસટોસટ ઝીંક ઝીલ્યા પછી પણ જે કઠોર વાસ્તવ દેખાતો હતો એની સચોટ ભવિષ્યવાણી ભાખતાં કહ્યું હતું : 'સબ લાલ હો જાયેગા.' અખંડ હિંદુસ્તાનના એ નકશામાં લાલ રંગે બ્રિટિશ હકૂમતનો પ્રદેશ દર્શાવાયો હતો. એજ સ્ટાઇલમાં આપણા વિચક્ષણ રાષ્ટ્રપુરૂષ નરેન્દ્ર મોદી જરૂર કહી શકે : સબ સેફ્રોન હો જાયેગા! સેફ્રોન એટલે કેસર. એમણે વડાપ્રધાન થયા પછી તરત જ કાશ્મીર જઇને રેલવે લાઇનનું ઉદ્ઘાટન કરતાં એમણે કાશ્મીરમાં પણ સેફ્રોન ક્રાંતિની વાત કરી હતી. આ શ્લેષ સાચો પડે એવું નથી લાગી રહ્યું? કેસરિયો ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ પર્યંત ફરકતો થઇ જશે એવો વરતારો કરવામાં ઝાઝું જોખમ ખરું? આવતીકાલે જે બને તે ખરું : આજે તો ભારતનો નકશો ધરમૂળથી બદલાઇ રહ્યો છે, એમાં કોઇ શંકાને સ્થાન નથી. કોંગ્રેસને જળમૂળમાંથી ઉખાડી ફેંકવાની પ્રતિજ્ઞા સાથે નરેન્દ્ર મોદી વણથંભી આગેકૂચ કરી રહ્યા છે. મોદીએ હરિયાણા અને મહારાષ્ટ્ર જેવા ગઢ કબજે કરી લીધા છે. કોંગ્રેસ ખૂણે સમેટાઇ ગઇ છે અને પ્રજા હવે પ્રાદેશિક પક્ષો તથા પરિવારવાદથી ધરાઇ ગઇ છે. આ પરિવારવાદનો છેદ હરિયાણામાં પણ ઉડ્યો છે. અને મહારાષ્ટ્રમાં પણ એનો પડઘો પડ્યો છે. ભારતીય જનતા પાર્ટીને હરિયાણા-પંજાબમાં એક સમયે 'લાલા પાર્ટી' એટલે કે વેપારીઓના પક્ષ તરીકે ઓળખવામાં આવતી હતી. એને ખેડૂતોનો મુદ્દલ ટેકો નહોતો. પંજાબમાં એને અકાલી દળની કાખઘોડી કપ લાગી હતી અને હરિયાણામાં એને કોઇને કોઇ 'લાલ' - અર્થાત્ બંસીલાલ-ભજનલાલ-દેવીલાલ પૈકી કોઇ સમર્થ ખેડૂત નેતાગીરીની આંગળી પકડવી પડતી હતી. નરેન્દ્ર મોદી વર્ષો સુધી ગુજરાત બહાર રહ્યા, તે દરમિયાન હરિયાણા, હિમાચલપ્રદેશ અને પંજાબના રાજકારણની તાસીર સમજીને એમણે વડાપ્રધાન પદના ઉમેદવાર થયા ત્યારે એકેએક બેઠક પર પાકી ગણતરી માંડીને ઉમેદવાર મૂક્યા હતા. એ સાચું કે લોકસભા તેમજ તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં મોદી મેજિક જ સૌથી મોટું પરિબળ રહ્યું છે, તેમ છતાં મોદી ક્યારેય અતિવિશ્વાસમાં નથી રહ્યા. હા, જરૂર પડ્યે એમણે સાહસ જરૂર કર્યું છે. દાખલા તરીકે આ બેઉ રાજયોમાં એનડીએના જૂના સહયોગીઓને રઝળતા કરી એકલા હાથે ચૂંટણી લડી લેવાનાં પુરૂં જોખમ હતું. પરંતુ મોદીએ એ માટે અગાઉથી પાણી પહેલાં પાળ બાંધી દીધી હતી. જે નેતાને એના પ્રભાવના જોરે કેન્દ્રમાં બહુમતી સાંપડી હતી, એને હરિયાણાના જાતિવાદી પક્ષો થોડીક બેઠકો ફાળવી પોતે સત્તા ભોગવતા માગતા હતા અને શિવસેનાના નવા સુપ્રીમો તો મોદીની કુંડળી માંડીને એમને એમની હેસિયત બતાવવા લાગ્યા હતા. ઉદ્ધવ ઠાકરે ભાવિ મુખ્યમંત્રી જ બની ગયા હતા! મહારાષ્ટ્રમાં શિવસેના વગર ભાજપ શૂન્ય છે, એવા ખ્યાલોમાં રાચતા હતા. મોદી આવા પડકારો સામે ઝૂકી જવામાં માનતા નથી. એમણે એક વીર યોદ્ધાને છાજે એ રીતે ઉદ્ધવ ઠાકરે-રાજ ઠાકરેનો પડકાર ઝીલી લીધો અને પોતે શું છે - એ બતાવી દીધું. પ્રજા કોની સાથે છે એનો અહેસાસ થતાં જ પોતાને 'મોટાભાઇ' ગણાવનારી શિવસેનાની હવા નીકળી ગઇ છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના તો સમૂળગી સાફ જ થઇ ગઇ. કોંગ્રેસ અને એનસીપીનો પૂરેપૂરો સફાયો ન થયો એનું કારણ અભણ માણસને પણ સમજાય એવું છે. જો શિવસેનાએ એની જીદ છોડી હોત, મુખ્યમંત્રી પદનો આગ્રહ છોડ્યો હોત અને પચ્ચીસ વર્ષ જૂનું ગઠબંધન અકબંધ રાખ્યું હોત તો કદાચ કોંગ્રેસ-એનસીપીની બેઠકો બે આંકડાની સંખ્યા સુધી પણ પહોંચી શકી હોત કે કેમ એ પ્રશ્ન છે. પંદર વર્ષથી શાસનરત બેઉ પક્ષોના નેતાઓ મનોમન તો ધ્રૂજી જ ગયેલા હતા. ડૂબતું વહાણ છોડીને ઉંદરડા નાસે એમ હરિયાણા અને મહારાષ્ટ્રમાં ઢગલાબંધ નેતાઓએ રાતોરાત ભગવો ખેસ પહેરી લઇ ભાજપની ટીકીટ પાકી કરી લીધી હતી. નારાયણ રાણે જેવા અવઢવમાં રહી ગયા તે ચૂંટણીમાં હાર્યા છે! હવે પ્રશ્ન કોંગ્રેસ-એનસીપી માટે તો અસ્તિત્વ બચાવવાનો છે. મોદીએ હરિયાણામાં અને મહારાષ્ટ્રમાં વંશવાદ અને પરિવારવાદ તથા જાતિવાદને નેસ્તનાબૂદ કરી વિકાસના પંથે વળવાની હાકલ કરી હતી. વિકાસ અને મોદી હાલ પૂરતા પર્યાયવાચી શબ્દો બની ચૂક્યા છે. મોદીએ શિવસેનાનો સાથ છોડી એકલા હાથે ચૂંટણી જંગમાં ઊતરવાની હિંમત દાખવી એથી એમની તથાકથિત કટ્ટર હિંદુત્વવાદી નેતા તરીકેની ઇમેજ પણ એમને નડી નથી. શિવસેના પાસે શિવાજીનો ઇજારો હતો, તે પણ મોદીએ સિફતથી સેરવી લીધો છે. આથી ધૂંધવાયેલા મહત્ત્વાકાંક્ષી નેતા ઉદ્ધવ ઠાકરે 'મિયાં પડી ગયા તોય ટંગડી ઊંચી' રાખવા પ્રયાસ કરી રહ્યા છે, અને 'કોઇ પણ પક્ષને પ્રજાએ સુવાંગ બહુમતી નથી આપી' - એવો રાગ આલાપી રહ્યા છે. ભાજપને અને મોદીને ભાંડવામાં કશી કસર નહીં રાખનાર શિવસેના ભાજપ કરતાં અડધી બેઠકો સાથે બીજા ક્રમે છે, અને કેન્દ્રમાં એ એનડીએ સરકારમાં ભાગીદાર ખપે છે, બલકે ઉદ્ધવ ઠાકરેને બની શકે તો અડધા સત્ર પૂરતી પણ મુખ્યમંત્રીની સત્તા માણવી છે. ભાજપના વિચક્ષણ રાષ્ટ્રીય અધ્યક્ષ કે નરેન્દ્ર મોદી - બે પૈકી એકે ગુજરાતી આ શરતો સ્વીકારવા સહમત થશે કે કેમ એ સવાલ છે. અડવાણી જેવા વરિષ્ઠ નેતા અને સંઘ શિવસેના જેવા હિંદુત્વના પુરસ્કર્તા પક્ષ સાથે જ ગઠબંધન કરવું જોઇએ, એવો સ્પષ્ટ અભિપ્રાય ધરાવે છે, પરંતુ શરદ પવાર અને પ્રફુલ્લ પટેલ સાથે કદાચ મોદીએ આગોતરા કરાર કરી રાખ્યા હોય એવું ચિત્ર ઊપસી રહ્યું છે. હરિયાણામાં પાવરફુલ જાટ લોબીને હાંસિયે ધકેલી દઇ મનોહરલાલ ખટ્ટર જેવા સંઘી-સાથીને મુખ્યમંત્રી બનાવાઇ રહ્યા છે, અને મહારાષ્ટ્રમાં શિવસેના સાથે સમાધાન પણ થાય તો ઉદ્ધવ ઠાકરેની અને 'સામના'ના સંપાદકીય દિવાળી બગાડ્યા પછી જ થશે, એવા સંકેત સાંપડી રહ્યા છે!



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના બી.એસ.સી.ના વિદ્યાર્થીઓ તથા પોસ્ટ બેઝિક બી.એસ.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા 'વ્યસન એક દૂષણ' રોલ પ્લે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું ઉદઘાટન ઉનાવાના સરપંચ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉનાવા સ્કુલના પ્રિન્સીપાલ તથા તમામ સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તેમજ કઠપૂતળીના ખેલ દ્વારા જ શાળાના બાળકોને મલેરિયા અટકાવવાનો સંદેશો આપ્યો હતો. આ કાર્યક્રમનું માર્ગદર્શન કોલેજના નર્સિંગ ટયૂટર શ્વેતા ચૌધરી તથા દિપીકા પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. કોલેજના સ્ટાફ સભ્યો ઉનાવા ખાતે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨-ડી ના હરીપાર્ક પરીવારના પ્રમુખ રીપલભાઈ અનુપમભાઈ શાહની રાહબરી હેઠળ તા. ૨૧-૧૦-૨૦૧૪ ના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. પરીવારના તમામ સભ્યોનું જીવન રંગીનમય રહે અને પરીવારના તમામ સભ્યો હળીમળીને આવનાર વર્ષ દરમ્યાન ભાઈચારાની લાગણીથી વસવાટ કરે તેવા શુભ આશયને નજર સમક્ષ રાખી પરીવારના પ્રમુખશ્રી દ્વારા આયોજીત રંગોળી સ્પર્ધામાં ઉત્તિર્ણ થનાર સભ્યને ઈનામ તથા સર્ટીફિકેટથી નવાજવામાં આવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




**મારી પાસે તો આવડા અવાજનાં જ ફટાકડા છે.. આનાથી મોટા અવાજ તો દિલ્હીમાં સાહેબ જ કરી શકે શું સમજ્યા...!!**



નગરમાં સેવાકીય પ્રવૃત્તિ કરતી નવ નિર્માણ સેનાએ દિવાળી નિમિત્તે ગરીબોને કપડાંનું વિતરણ કર્યું હતું. સંસ્થાના પ્રમુખ જનક ઠકકરે જણાવ્યું હતું કે અમે ગરીબોની દિવાળીમાં સહભાગી થયા છીએ.

## શિક્ષણ પદ્ધતિમાંથી હિન્દી વિષય નામશેષ થઇ શકે છે

અમદાવાદ, તા. ૨૧

હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી હોવા છતાં પ્રવર્તમાન શિક્ષણ પધ્ધતિમાંથી હિન્દીને જાણે નામશેષ કરી દેવામાં આવી હોય તેવી સ્થિતિ અત્યારે સ્કુલ કોલેજોમાં પ્રવર્તી રહી છે. ધોરણ-૧૦ અને ૧૨ માં હિન્દીને મરજીયાત વિષય તરીકે જાહેર કર્યા પછી તેની અસર સીધી કોલેજોને થઈ હોય તે રીતે આ વખતે હિન્દી વિષયના વર્ગો બંધ થતાં ૨૭ અધ્યાપકો ફાજલ થયા છે. રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ હેઠળની મોટાભાગની કોલેજોમાં હિન્દીના વિદ્યાર્થીઓ મળવા મુશ્કેલ બન્યા હોય તેવી સ્થિતિ જોવા મળે છે. ધો-૧૦ અને ૧૨ના અભ્યાસ પછી મેડીકલ અને એન્જીનીયરીંગ તરફ આગળ વધવાનો ક્રેઝ ઉતરોતર વધતો જાય છે. જ્યારે વિનયન વિદ્યાશાખામાં હિન્દી, ગુજરાત, ઈતિહાસ, મનોવિજ્ઞાન જેવા વિષયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘટતું રહ્યું છે. આ સ્થિતિમાં તાજેતરમાં કોલેજમાંથી ફાજલ થયેલા અધ્યાપકોની સ્થિતિ જણાવતા યુનિવર્સિટીના હિન્દી ભવનના અધ્યક્ષ આ વર્ષે સૌથી વધુ અધ્યાપકો હિન્દી વિષયમાં ફાજલ થયા છે. તાજેતરમાં ૭૦ અધ્યાપકો ફાજલ થયા છે તેમાં હિન્દીના ૨૫ અધ્યાપકોનો સમાવેશ થાય છે જ્યારે ગુજરાતીના ૧૦, સંસ્કૃતના ૭ ઉપરાંત ઈતિહાસ, હમસાયન્સ સહિત અન્ય વિષયોના પણ અધ્યાપકો ફાજલ થયા છે. કમનસીબી એ છે કે અનુસ્નાતક કક્ષાએ પણ હિન્દીના વિદ્યાર્થીઓ પુરતા મળતા નથી. વિદ્યાપીઠને ૪, વિદ્યાનગરમાં ૧૬, ભાવનગરમાં ૪, ગુ. યુનિવર્સિટીને માત્ર ૬ વિદ્યાર્થીઓ પુરતા મળ્યા છે જ્યારે યુનિવર્સિટીના હિન્દી ભવનમાં ૪૪ વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાએ એડમિશન લીધા છે. હિન્દી ભાષાએ રાષ્ટ્રભાષા ગણાય છે પરંતુ હિન્દીને મહત્વ આપવામાં કે હિન્દીનું ગૌરવ જાળવવામાં સરકાર નિષ્ફળ ગઈ હોવાથી હાઈસ્કુલોમાં પણ હિન્દીના શિક્ષકોની અત્યારે કફોડી સ્થિતિ છે. હિન્દીના વિદ્યાર્થીઓ મળતા નહીં હોવાથી હિન્દી વિષય જ વર્ગોમાંથી જાણે નામશેષ થઈ રહ્યો હોય તેવી અનુભૂતિ થઈ રહી છે.

## ઓફિસ રેકોર્ડ ન મોકલાતા કોલેજોની મુશ્કેલીઓ વધી

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખામાં સેમેસ્ટરના પરિણામો જાહેર કરી દીધા છે પરંતુ પરિણામ જાહેર કર્યા બાદ કોલેજોને હજુ સુધી ઓફીસ રેકોર્ડ મોકલ્યો ન હોઈ કોલેજોનો મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દર વર્ષે યુનિવર્સિટી દ્વારા પરિણામની સાથે ઓફીસ રેકોર્ડ પણ મોકલી દેવામાં આવતો હતો. જેથી કોલેજોને વેરીફીકેશન સહિતની કામગીરી કરવામાં સરળતા રહેતી હતી. ઉપરાંત કોલેજનો ઓવલઓલ પરિણામની પણ તેઓ ગણતરી કરી શકતા હતા. જો કે આ વખતે હજુ સુધી ઓફિસ રેકોર્ડ મોકલવામાં આવ્યા ન હોવાથી મુશ્કેલી વેઠવી પડી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર કરવામાં આવે તે સાથે જ કોલેજોને ઓફિસ રેકોર્ડ પણ મોકલી આપવામાં આવતા હોય છે. જો કે આ વખતે યુનિવર્સિટી દ્વારા સેમેસ્ટરના પરિણામો જાહેર કરી દીધા બાદ પણ હજુ સુધી ઓફીસ રેકોર્ડ કોલેજોમાં મોકલ્યા ન હોવાનું જાણવા મળે છે. હાલમાં બીકોમ, બીએસસી, બીએ, બીએડ સહિતની તમામ વિદ્યાશાખાના પરિણામો આવ્યા બાદ એક પણ વિદ્યાશાખાના ઓફીસ રેકોર્ડ કોલેજોને મોકલાયા નથી. કોલેજોના સુત્રોએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી દ્વારા અપાતા ઓફીસ રેકોર્ડ અનુસાર કોલેજો વિદ્યાર્થીઓની માર્કશીટનું વેરીફીકેશન આવે તો તે કરતી હતી. ઉપરાંત કોલેજના કેટલા વિદ્યાર્થીઓ ફર્સ્ટ કલાસમાં છે તેની માહિતી પણ ઓફીસ રેકોર્ડથી મળી રહેતી હતી. જો કે એક વર્ષ થયા પછી પણ કોલેજોને ઓફીસ રેકોર્ડ મળ્યો ન હોઈ હાલમાં તેઓ મુશ્કેલી વેઠી રહ્યા છે. યુનિવર્સિટી દ્વારા વહેલી તકે ઓફીસ રેકોર્ડ મોકલવામાં આવે તો તેમની મુશ્કેલીનું નિવારણ આવી શકે તેમ છે.

## કોબા ખાતે વિકલાંગો માટેનો ખેલ મહાકુંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના કોબા ગામે તાજેતરમાં વિકલાંગ ભાઈઓ અને બહેનો માટેનો પાંચમો ખેલ મહાકુંભ યોજવામાં આવ્યો હતો. આ ખેલ મહાકુંભમાં અલગ-અલગ દિવસે વિવિધ વિકલાંગો જેમ કે અપંગ, અંધ અને બહેરા-મુંગા વગેરેની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ખેલ મહાકુંભના ઉદ્ઘાટન સમારોહમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, કુડાસણ ગામના સરપંચ કાળાજી ઠાકોર, કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી, તાલુકા પંચાયતના સદસ્ય રાજુભાઈ પટેલ અને જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિષ્ણુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં ધારાસભ્ય શંભુજી ઠાકોરે વિશ્વના દેશોની સરખામણીએ ગુજરાતમાં બાળકો રમત-ગમતમાં ભાગ લઈ પોતાની શારિરીક ક્ષમતાઓ બહાર લાવી દેશના ઉજ્જવળ ભવિષ્યમાં સિંહફાળો આપે તે માટે આહ્‌વાન કર્યું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે દરેક દિકરીઓને સમાજમાં ઉજ્જવળ કારકિર્દી બનાવે અને સ્પર્ધાઓમાં પણ ભાગ લે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયીએ પણ બાળકોને આંતરિક શક્તિઓ બહાર લાવી સ્પર્ધા થકી તેમનું કૌશલ્ય ખિલવવા પ્રેરણાત્મક પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના રમત-ગમત અધિકારી ચાવડા બેને મુખ્ય સંચાલન કર્યું હતું. અને ભરતભાઈ પ્રજાપતિએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પરિવાર વિકલાંગ ઉત્થાન ટ્રસ્ટના વિજયભાઈ બ્રહ્મરોલીયાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં કોબા, કુડાસણ તેમજ આસપાસના અન્ય ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

## માનવમાત્રને 'મનુષ્ય ગૌરવ'ની જનોઇ પહેરવાનાર આધ્યાત્મિક કર્મયોગી એટલે પાંડુરંગ શાસ્ત્રી આઠવલે

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

ભારતીયોની નજરમાં હજી વિદેશીઓ પ્રત્યેનો અહોભાવ લાળરૂપે ટપક્યા કરે છે. (ગોરી) ચામડીથી શરૂ કરી ચીજ - વસ્તુઓ સુધી, અંગ્રેજી ભાષાથી શરૂ કરી અંગ્રેજીયત સુધી ધોળા લોકોની ઈજારાશાહી અહર્નિસ ચાલ્યા કરે છે. ૨૦૧૪ના નોબેલ વિજેતા કૈલાસ સત્યાર્થીને દિલ્હીના પાડોશીઓ પણ ઓળખતા નહોતા. જેણે લાખો બાળકોના જીવન બદલી નાખ્યા છે એવા ઈશ્વરના અનોખા દૂત જેવાં બાળકોને અનેક રીતે બરબાદ થતાં અટકાવનારને કોણ જાણે છે? આ ભડવીર ૩૫ વર્ષથી કામ કરે જાય છે છતાં, કોઇ પત્રકાર પણ તેમને જાણતો નથી. શું આપણી કીકીમાં પંકીલું રાજકારણ, બદનામ ફિલ્મી દુનિયા અને અનિશ્ચિત ક્રિકેટ સિવાય કશું જ નથી ભળાતું? આપણા સંસ્કારો તો અજાણ્યાની અતિથિએ પણ આવકારનાર હતાં! વર્તમાનમાં શું આપણે સંપત્તિની અને યશને પાછળ પડી આંધળા થઇ ગયા છીએ? હશે નવી પેઢી કંઇક કરશે એવું માની લઇ આગળ વધીએ.

'ગીતા એ સુમધુર જીવનગ્રંથ છે. વિશ્વ સમસ્તના અનંતગ્રંથો જોશો તો તેમાં ગીતાનું માધુર્ય, તત્ત્વજ્ઞાન, ભાષા, તેજસ્વીતા, ઓજસ્વિતા બધું જ લોકોત્તર ગણાશે. આવો ગ્રંથ આપીને ગોપાલ કૃષ્ણે વિશ્વને મોટામાં મોટું પ્રદાન કર્યું છે અને તેથી જ, ગોપાલ કૃષ્ણ કેવળ ગુજરાતના જ નહિ કે કેવળ ભારતના જ નહિ, પરંતુ સમસ્ત જગતનાં ગુરું છે - કૃષ્ણં વંદે જગદ્‌ગુરૂ. આવતીકાલે જો 'વન વર્લ્ડ ગવર્નમેન્ટ - આખી દુનિયાની એક જ સરકાર રચવામાં આવે તો બધાને ઉપયોગી અને પ્રેરક થાય એવા મુખ્ય ગ્રંથ તરીકે ગ્રંથ સ્વીકારશે? ગીતા જ સ્વીકારશે? કારણ કે ગીતામાં જીવ, જગત અને જગદીશનો વિચાર કરાયો છે. - આ શબ્દપુષ્પો છે પાંડુરંગ શાસ્ત્રી આઠવલે - દાદાજીનાં. જેઓની હમણાં, ૧૯ ઓકટોબરના રોજ ૯૫મી જન્મતિથિ ગઇ.'

પાંડુરંગ શાસ્ત્રી એવી હસ્તી હતાં કે જેને વૈશ્વિક સંસ્થાઓને સન્માન્યા અને કહ્યું કે તમે અમારા માટે કામ કરો. તેમને સન્માનપૂર્વક જવાબ આપતાં કહ્યું હતું કે 'પહેલાં ભારતનાં ગામડાંઓમાં કામ કરીશ પછી જ વિદેશની ભૂમિ પર પંગ મૂકીશ.' અત્યંત તેજસ્વી બુદ્ધિપ્રતિભા અને સાથે-સાથે ભક્તિની ટોચની સમજ સાથે પચાસ વર્ષ પહેલાં દાદાજીએ ગામડાઓમાં જવાનું શરૂ કર્યું. ગામડાના આગરીભાઇઓ, વાઘરીભાઇઓને અને તરછોડાયેલા વર્ગને ભાઇ જેવો પ્રેમ આપી પોતાના કર્યા. ગામડાને કર્મભૂમિ બનાવનાર પાડુરંગ યુવાનીથી જ સમાજના અંતિમ માણસની ગૌરવહિનતા નિહાળી ગમગીન બની જતાં. એકવાર એંઠી પતરાળીમાં ખાતા ગરીબ બાળકોની દુનિયા જોઇ હૃદય કકળી ઊઠ્યું. નક્કી કર્યું કે હું સમાજમાં મનુષ્યનું ગૌરવ ઊભું કરીશ. તેમણે સરળ ભાષામાં સમજાવ્યું કે દૂધમાં સાકર, ઇલાયચી અને કિસમિસ નાખવાથી દૂધ વધુ સ્વાદિષ્ટ ભલે બને. પણ આ બધા વિના પણ દૂધની કિંમત તો છે જ. દૂધએ પોતાનું ગૌરવ રાખવાનું કે નહિ? માણસ પાસે ભલે પદ કે પ્રતિષ્ઠા હોય પણ તેના વિના પણ તેની મનુષ્ય હોવાનું ગૌરવ તો તે લઇ શકે! બસ આ સમજ સાથે સમાજ પુરૂષને અવિરત પ્રેમ આપતાં રહ્યાં. ગ્રામ્ય જીવનને અસ્મિતા આપનાર અનેક પ્રયોગો જેવા કે વૃક્ષમંદિર (વૃક્ષોનો ભક્તિયુક્ત ઉછેર, યોગેશ્વર કૃષિ (કૃષિ સંસ્કૃતિ અને આર્થિક સમરસતાનો પ્રયોગ), અમૃતાલયમ્ (ગ્રામ્ય એકતા અને સંવાદિતા માટેનો પ્રયોગ), મત્સ્યગંધા (માછીમાર માટેનો અર્થકરી અને સન્માન આપનાર પ્રયોગ), જેવા પ્રયોગો તેમજ સમાજના કહેવાતાં નાના માણસોને સાથે લઇને આપ્યા. વિશ્વ કક્ષાએ તેની નોંધ લેવાઇ. તેમને મેગ્સેસે એવોર્ડ અને ટેમ્પલ્ટન અવોર્ડ જેવા વૈશ્વિક નામના પ્રાપ્ત પુરસ્કારો મળ્યાં. ભારત સરકારે પછીથી સન્માનીત કર્યા.

તેમની પ્રેરણાથી નારી સમાજમાં જબરદસ્ત ક્રાંતિ આવી. ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળી ગોપીકાર્યને યાદ કરાવતી. 'પ્રભુ મારું જીવન ચલાવે છે માટે મારે પણ મારે કર્મયોગ દ્વારા સંસ્કૃતિ અને ભારતીયતાને શોભે તેવાં કામ કરવા જોઇએ.' એ સંદેશ લઇ ઘર ઘર ઘુમવા લાગી. યુવાનોમાં ચેતના પ્રગટાવી. વેદ અને ઉપનિષદના વિચારોને પથનાટકના માધ્યમથી છેવાડાના માનવ સુધી સરળ રીતે પહોંચાડવા કમર કસી. એટલું જ નહિ સમાજ જયારે ફરિયાદ કરતો હોય કે યુવાનો બગડી ગયા છે તેવા કાળમાં ગીતાજીના વિચારોને વક્તૃત્વકળા અને યુવાકેન્દ્રી થકી લાખો યુવાનો સુધી પહોંચાડ્યા છે. દૈવિકાર્ય કરનાર આ યુવાનો વૃક્ષારોપણ અને શ્રમભક્તિ દ્વારા સમાજને નવો રાહ ચિંધે છે. બાળકોના સર્વલક્ષી વિકાસ માટે બાલસંસ્કારકેન્દ્ર કાર્યકર્તા બહેનો દ્વારા ચલાવવામાં આવે છે. સંસ્કૃત ભાષાનું મહત્ત્વ ઘટી રહ્યું છે તેવી બૂમો વચ્ચે આ બાળકો ગીતાના અનેક શ્લોકો મુખપાઠ કરતા થયા છે. દાદાજીએ વર્ષો સુધી માધવભાગ પાઠશાળામાં પ્રવચનો આપ્યાં. જેના આધારે અનેક પુસ્તકોની રચના થઇ. જેમાં સંસ્કૃતિ પૂજન, સાંસ્કૃતિક વિચારધારા, દશાવતાર, ગીતામૃતમ્, તુલસીદલ, બિલ્વપત્ર, એષ પન્થા એતત્ કર્મ અને શ્રાદ્ધ ભાગ-૧, ૨ મુખ્ય છે.

આજે માણસથી માણસ દૂર - સુદૂર થયો છે. એક સમયે માણસની કિંમત તેની આબરૂ અને માણસાઈથી અંકાતી. પણ સમય જતાં સમાજમાં - માણસની કિંમત પદ, પ્રતિષ્ઠા, સત્તા અને પૈસાથી થવા લાગી. માણસ વિના કોઇને ચાલે ખરું? પણ કેટલાકને કોઇ ન હોય તો પણ ચાલે! આમ જોવા જઇએ તો માણસ માણસ વગર કેવી રીતે જીવી શકે? સુખ સુવિધાથી બધું ખરીદી લેવાનું, પણ ભલા, પૈસાથી પલંગ ખરીદી શકાય ઊંઘ થોડી મળી જાય.

દાદાજીએ ગીતાનો જ્ઞાન, કર્મ અને ભક્તિ માર્ગ ઉપાડ્યો. ભક્તિથી માનવ-માનવ વચ્ચેની તોતિંગ દિવાલો પણ ધરાશાયી થઈ શકે છે તે તેમણે સાબિત કરી બતાવ્યું. ઈશ્વર મારી સાથે છે એ વાત ગીતાએ કહી પણ તેને લોકમુખે અને આચરણમાં દાદાજીએ મૂકી આપી. કૃષ્ણ પ્રત્યેની આપણી ભક્તિ મંદિરથી આગળ માણસ સાથેની પણ છે તે સમજાવ્યું, જે ઈશ્વર મને રાત દિવસ સાચવે છે, મારું ભોજન ન ખબર પડતા પચાવે છે. રાતે મીઠી નીંદર આપે છે. અરે, મને અનેક પ્રસંગોએ મદદ કરે છે. તેની પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત ન કરી શકું. હું એનો કૃતઘ્ની બની જાઉં તો મારામાં અને પશુમાં શું ફર્ક? આ બાબત સમજાવી ત્રિકાળ સંધ્યા જેવો સરળ છતાં તત્વજ્ઞાનથી ભરપૂર ગહન વિચાર આપ્યો.

દાદાજીનો ગીતાપ્રેમ અકથ્ય અને અકાટ્ય રહ્યો. જેમ કે, 'આ ગીતા શાસ્ત્ર પાંચ હજાર વર્ષ પહેલાનાં માનવી માટે પણ આવશ્યક હતું. આજે પણ છે, ને હવે પછીનાં હજારો વર્ષ પછી પણ આવશ્યક રહેશે. હજારો વર્ષ સુધી જે માનવહૃદય પર પ્રેમ શાસન ચલાવી શકે છે એ ગીતાશાસ્ત્ર જ સાચું શાસ્ત્ર - સાયન્સ છે. પછી ભલે એને આજની કૉલજોમાં શાસ્ત્ર - સાયન્સને બદલે 'આર્ટ્સ' તરીકે ગણવામાં આવતું હોય. પાંચ હજાર વર્ષ પહેલાંનાં માનવ કરતાં આજનો માણસ બદલાયો છે એવું નથી. આજે સુખના સાધનો ભલે બદલાતાં હોય પણ, માનવીની મૂળભૂત માગણીઓ બદલાઈ નથી, મૂળભૂત દોષો પણ પાંચ હજાર વર્ષ પહેલાં તે જ આજે પણ છે.'

તેઓ આગળ સમજાવે છે. 'આ બધા દોષો દૂર કરવાનું એકમાત્ર ઓસડ ગીતા છે. એટલે જ ગીતા ખરું શાસ્ત્ર છે. એમ શ્રીકૃષ્ણ કહે છે. આ ખરું શાસ્ત્ર ગુપ્ત છે. છૂપું છે. બધા એને ઝડપથી ઓળખી શકતા નથી. એનો વિષય છે જીવ, જગત અને જગદીશના સંબંધોનું રહસ્ય. વિશ્વમાં અજોડ એવો આ મહાન ગ્રંથ આપણા જેવા અક્કરમીઓના હાથમાં આવ્યો છે તેથી જ એની બહુ કિંમત નથી. ખરેખર કોઇ તહેવાર તો એવો વિચાર આવે કે દેશ - દેશાંતરના લોકોના હાથમાં જો ગીતા આવી હોત તો આજે તેનું મહત્ત્વ જુદું જ હોત.'

અર્થની (ધન) ચિંતા ન કરતા જેમણે સાર્થક (જીવન) ની ચિંતા કરી, ગરીબની અંદર છુપાયેલા લઘુતાગ્રંથી દૂર કરી પ્રભુ મદદ કરવા તૈયાર છે, માટે તું ઊભો થા અને કામ લાગ, તને પ્રભુ અવશ્ય મદદ કરશે, જેનાથી ગરીબીની સમસ્યા કાયમ માટે દૂર કરી શક્યા. આપણું કર્મ પ્રભુ નોંધે છે માટે કર્મ કરીએ અને ફળની તરફ ધ્યાન ન રાખીએ. આપણો માનવ માત્ર સાથે એક જ સંબંધ છે અને તે એટલે લોહી બનાવનારનો સંબંધ. જેના થકી આપણે એક પ્રભુના સંતાનો બની જઇએ છીએ.